# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તા: ૨૬/૧૧/૨૦૨૧

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# સુરતના ઉદ્યોગકારોને રાજસ્થાનમાં રોકાણ માટેની વિશાળ તકો તથા યોજનાઓ વિશે માર્ગદર્શન અપાયું

## રાજસ્થાનમાં ભીલવાડા અને પાલી એ ટેકસટાઇલનું હબ છે, ઉદ્યોગકારો સેલ્ફ ડેકલેરેશન ફોર્મ આપીને સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો શરૂ કરી શકે છે : રીકો

## ચેમ્બર અને રીકોના સંયુકત ઉપક્રમે 'રાજસ્થાનમાં રોકાણની તકો' સંદર્ભે બિઝનેસ મીટ એન્ડ સેશન યોજાયું, જાન્યુઆરી–૨૦૨૨માં જયપુરમાં થનારી સમિટનું વેપારીઓને આમંત્રણ

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી અને રાજસ્થાન સ્ટેટ ઇન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ એન્ડ ઇન્વેસ્ટમેન્ટ કોર્પોરેશનના સંયુકત ઉપક્રમે શુક્રવાર, તા. ૨૬ નવેમ્બર, ૨૦૨૧ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે 'રાજસ્થાનમાં રોકાણ કરવાની તકો' વિષય ઉપર બિઝનેસ મીટ એન્ડ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રીકોના સિનિયર ડેપ્યુટી જનરલ મેનેજર અજય પંડયા અને સિનિયર રિજીયોનલ મેનેજર એસ.કે. નેનાવતીએ રાજસ્થાનમાં ફુલીફાલી રહેલા વિવિધ ઉદ્યોગો વિશે વિસ્તૃત માહિતી આપી ત્યાં રોકાણ કરવા માટેની વિશાળ તકો અને સંભાવનાઓ વિશે માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બરના પ્રમુખ આશીષ ગુજરાતીએ જણાવ્યું હતું કે, દેશમાં ઇકોનોમિક કોન્ટ્રીબ્યુશનમાં રાજસ્થાનનો આઠમો રેન્ક આવે છે. રાજસ્થાન એ ખનિજોથી સમૃદ્ધ રાજ્ય છે. એગ્રીકલ્ચર, માઇનીંગ અને ટુરીઝમ ક્ષેત્ર રાજસ્થાનના વિકાસના મહત્વના અંગો છે. રાજસ્થાનની ખાણો સોનુ, ચાંદી, સેન્ડસ્ટોન, લાઇમસ્ટોન, માર્બલ,

રોક ફોસ્ફેટ, કોપર અને લિગ્નાઇટનું ઉત્પાદન કરે છે. ભારતનું સૌથી મોટું સિમેન્ટ ઉત્પાદક રાજ્ય છે. સાથે જ ભારતમાં કુલ ઉત્પાદિત મીઠાના દસમા ભાગનું યોગદાન રાજસ્થાન આપે છે. રાજસ્થાનમાં ઇન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ અને ઇન્ફ્રાસ્ટ્રકચર માટે મહત્વની ભૂમિકા ભજવનાર રીકો વિશે પણ તેમણે માહિતી આપી હતી.

રીકોના સિનિયર ડેપ્યુટી જનરલ મેનેજર અજય પંડયાએ જણાવ્યું હતું કે, રાજસ્થાનમાં ૩૧ જેટલા નવા ઇન્ડસ્ટ્રીયલ એરીયા લોન્ચ થઇ ચૂકયા છે અને ભવિષ્યમાં અન્ય ૪૧ જેટલા નવા ઇન્ડસ્ટ્રીયલ એરીયા લોન્ચ થવા જઇ રહયા છે. રાજસ્થાનના દરેક જિલ્લાના તાલુકાઓમાં એક ઇન્ડસ્ટ્રીયલ ઝોન ઉભા કરવાની દિશામાં પ્રયાસ કરવામાં આવી રહયો છે. તેમણે રાજસ્થાનમાં થઇ રહેલા ઔદ્યોગિકીકરણના વિકાસની વિસ્તૃત માહિતી આપી હતી. આગામી ૨૪–૨૫ જાન્યુઆરી, ૨૦૨૨ના રોજ જયપુરમાં યોજાનારા પ્રવાસી વેપારી અને ઉદ્યોગકારો માટેના સંમેલનમાં સુરતના ઉદ્યોગકારો, વેપારીઓ અને ઉદ્યોગ સાહસિકોને આમંત્રણ પણ આપ્યું હતું.

રીકોના સિનિયર રિજીયોનલ મેનેજર એસ.કે. નેનાવતીએ જણાવ્યું હતું કે, રાજસ્થાન એ ભારતના સૌથી વિશાળ કોરીડોરની સાથે જોડાયેલું રાજ્ય છે. આથી ત્યાં ઉદ્યોગોને ખૂબ સારી કનેકટીવિટી અને ઇન્ફ્રાસ્ટ્રકચર પૂરુ પાડવામાં આવી રહયું છે. રાજસ્થાનના પાલી, કોટા, જયપુર, ઉદયપુર, રાજસમદ અને જોધપુરથી ઉદ્યોગકારોને દુબઇ, મસ્કત અને સિંગાપોર માટેની સીધી એર કનેકટીવિટી મળી રહે છે. રાજસ્થાનમાં ભીલવાડા અને પાલી એ ટેકસટાઇલનું હબ છે. ઉદ્યોગકારો સેલ્ફ ડેકલેરેશન ફોર્મ આપીને લઘુ ઉદ્યોગો શરૂ કરી શકે છે. તેમણે મુખ્યમંત્રી લઘુ ઉદ્યોગ પોલિસી સહિત વિવિધ પોલિસીની માહિતી આપી હતી.

રાજસ્થાનના જુદા–જુદા જિલ્લાઓમાં આઇ.ટી. પાર્ક, એપેરલ પાર્ક, એગ્રીકલ્ચર પાર્ક, માર્બલ/ગ્રેનાઇટ પાર્ક, મેગા ટેકસટાઇલ પાર્ક, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ પાર્ક, એગ્રો એન્ડ ફૂડ પ્રોસેસિંગ પાર્ક અને મેડીકલ ડિવાઇસિસ પાર્ક વિગેરે ડેવલપ થઇ રહયા છે. દિલ્હી–મુંબઇ ઇન્ડસ્ટ્રીયલ કોરીડોરનો ૩૮ ટકા ભાગ રાજસ્થાનમાંથી નીકળે છે. રાજસ્થાનમાં જોધપુર, પાલી અને મારવાડનો વિસ્તાર ડેવલપમેન્ટ ઝોન છે. જ્યાં ગેસ ગ્રીડ ઇન્ફ્રાસ્ટ્રકચર ઉપલબ્ધ છે. તેમણે જયપુરમાં ડેવલપ થઇ રહેલા ફીનટેક પાર્ક વિશે પણ માહિતી આપી હતી. આ ફીનટેક પાર્કથી રૂપિયા પાંચ હજાર કરોડનું એકસપોર્ટ એકસપેકટેડ છે.

તેમણે રાજસ્થાનમાં ઉદયપુર અને રાજસમદ જિલ્લામાં ડેવલપ થઇ રહેલા નવા ઔદ્યોગિક ક્ષેત્ર તથા તેના માટેના કોમર્શિયલ પ્લોટોના ઇ–ઓકશનની સમગ્ર પ્રક્રિયા વિશે શોર્ટ ફિલ્મના મારફત જાણકારી આપી હતી. સુરતના ઉદ્યોગકારોને રોકાણ માટે રાજસ્થાનમાં આપવામાં આવતી વિવિધ સુવિધાઓથી પણ વાકેફ કર્યા હતા અને તેઓના વિવિધ પ્રશ્નોના જવાબ પણ આપ્યા હતા.

ચેમ્બરના ઉપપ્રમુખ હિમાંશુ બોડાવાલા અને ગૃપ ચેરમેન મનોજ અગ્રવાલે સેશનમાં પ્રાસંગિક વિધી કરી હતી. બિઝનેસ મીટ એન્ડ સેશનનું સમગ્ર સંચાલન ચેમ્બરના માનદ્‌ ખજાનચી પરેશ લાઠીયાએ કર્યું હતું.